# પ્રસાર ભારતી

## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

**તારીખ : 14-06-2024** **સાંજે : 7.10 થી 7.20pm**

**વાર : શુક્રવાર**

**આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર અમિતા વાંઝા વાંચે છે.**

---

- રાજ્યમાં પાંચ-પાંચ ગામોના ક્લસ્ટર્સ બનાવીને રાજ્યના તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ અપાશે.
- **સર્વોચ્ચ અદાલતે NEET-UG પરીક્ષાના પેપરમાં વિવિધ ગેરરિતીઓ બાબતે સીબીઆઇ દ્વારા તપાસની માંગણી કરતી અરજીના આધારે કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીને પ્રતિભાવ આપવા નિર્દેશ આપ્યો.**
- **અમદાવાદ આરટીઓ વિભાગ અને અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચેકીંગનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.**
- આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પૂર્વ તૈયારીના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં આજથી ૨૦ જૂન સુધી યોગ સપ્તાહ ઉજવવામાં આવી રહ્યો છે.
- જૂનાગઢનું ગીર અભ્યારણ્ય અને વેળાવદરનું કાળિયાર ઉદ્યાન 16મી જૂનથી ચાર મહિના માટે મુલાકાતીઓ માટે બંધ રહેશે.
- હવામાન વિભાગે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આગામી ૩ દિવસ દરમ્યાન, હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના દર્શાવી.

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## Governor Acharya Devvrat

રાજ્યમાં પાંચ-પાંચ ગામોના ક્લસ્ટર્સ બનાવીને રાજ્યનાતમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ અપાશે. પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા થઈ રહેલી કામગીરીની સમીક્ષા કરવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષપદે આજે રાજભવનમાં ઉચ્ચકક્ષાની બેઠક યોજાઈ ગઈ.

બેઠકમાં રાજ્યપાલે જણાવ્યુ કે, પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં રાસાયણિક ખેતી પદ્ધતિ કરતાં ઉત્પાદન ઓછું મળે છે એવી માન્યતા અને ધારણા તદ્દન ખોટી છે. વધુમાં રાજ્યપાલે જણાવ્યુ કે, રાજ્યમાં તમામ ગામોમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિના પંચસ્તરીય મોડલ ફાર્મ તૈયાર કરાશે. આ માટે રાજ્ય સરકાર આર્થિક સહયોગ પણ આપશે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ આપતા ફાર્મર માસ્ટર ટ્રેનરને પણ રાજ્ય સરકાર આર્થિક પુરસ્કાર આપશે. ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓ પણ પ્રાકૃતિક ખેતીનું મોડેલ તૈયાર કરીને અન્ય ખેડૂતોને માર્ગદર્શન આપશે.

ગુજરાતની પાંજરાપોળ અને ગૌશાળાઓ દેશી ગાયના ગોબર-ગૌમૂત્રમાંથી જીવામૃત અને ઘનજીવામૃત તૈયાર કરીને જરૂરિયાતમંદ ખેડૂતોને વાજબી દરે આપશે. આ માટે સુચારુ યોજના તૈયાર કરાઈ રહી છે તેમ રાજ્યપાલે જણાવ્યુ હતું.

## SC-NEET

સર્વોચ્ચ અદાલતે NEET-UG પરીક્ષામાં કથિત રીતે પેપર ફૂટવું અને અન્ય ગેરરિતીઓ બાબતે સીબીઆઇ દ્વારા તપાસની માંગણી કરતી અરજીના આધારે કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી- NTA ને પ્રતિભાવ આપવા નિર્દેશ આપ્યો છે. ન્યાયાધીશ વિક્રમનાથ અને સંદીપ મહેતાની બેંચે આ કેસમાં સીબીઆઇ અને બિહાર સરકારને પણ બે સપ્તાહમાં પ્રતિભાવ આપવાનો નિર્દેશ આપ્યો છે.

અદાલતે જાહેરહિતની અરજી અને અન્ય પડતર અરજીઓની સુનાવણી આગામી આઠમી જુલાઇએ હાથ ધરવાનો નિર્ણય લીધો છે. દરમિયાન, NTA દ્વારા NEET-UG પરીક્ષાને લગતી અને વિવિધ વડી અદાલતોમાં દાખલ કરાયેલી

અરજીઓને સર્વોચ્ચ અદાલતમાં ટ્રાન્સફર કરવા વિનંતી કરતી કરાયેલી અરજીના આધારે ખાનગી પક્ષકારોને નોટિસ જારી કરી છે.

દરમિયાન, કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર નીટ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓના હિતનું રક્ષણ કરવા પ્રતિબધ્ધ છે. તેમણે વિદ્યાર્થીઓને ખાતરી આપતાં કહ્યું છે કે, પરીક્ષા અંગેના દરેક મુદ્દાઓનો ઉકેલ સમાનતા અને ન્યાયિક રીતે કરાશે અને કોઇપણ વિદ્યાર્થીને અન્યાય થશે નહીં.

શ્રી પ્રધાને વધુમાં જણાવ્યું કે, સર્વોચ્ચ અદાલતના નિર્દેશ મુજબ સરકાર દ્વારા વિદ્યાર્થીઓના કલ્યાણ માટે બધી જ જરૂરી કાર્યવાહી કરાશે. તેમણે એમ પણ કહ્યું કે, વિદ્યાર્થીઓ માટે મહત્વની નીટની કાઉન્સેલિંગ પ્રક્રિયા ટૂંક સમયમાં હાથ ધરાશે.

દરમિયાન, કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ નીટ પરીક્ષા વિવાદ અંગે કેન્દ્ર સરકારની ટીકા કરી છે. તેમણે આ પરીક્ષામાં ગુણ અને રેન્ક બાબતે મોટા પ્રમાણમાં ગેરરિતી આચરાઇ હોવાનો આક્ષેપ કર્યો છે.

## School Van

અમદાવાદ આરટીઓ વિભાગ અને અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચેકીંગનું અભિયાન ચલાવવામાં આવ્યું છે. સ્કૂલ એસોસિએસન અને આરટીઓએ જાહેર કરેલા નિયમોનું પાલન થાય છે કે કેમ તેની ચકાસણી કરશે. આ વિશે વધુ જણાવે છે આરટીઓ અધિકારી જે.જે.પટેલ.

**(બાઇટ- આરટીઓ અધિકારી જે.જે.પટેલ)**

## Gujarat State Yoga Board

આગામી ૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પૂર્વ તૈયારીના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં આજથી ૨૦ જૂન સુધી યોગ સપ્તાહ ઉજવવામાં આવી રહ્યો છે.

રાજ્ય સરકાર અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સંયુક્ત ઉપક્રમે યોગ સપ્તાહની ઉજવણી હાથ ધરાઇ છે.

અમારા કચ્છ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, ભુજ ખાતે બીએસએફ કેમ્પ, જેલ અને અલગ અલગ સ્થળોએ યોગની તાલીમ આપીને યોગ બોર્ડ દ્વારા યોગ સપ્તાહની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.

જિલ્લામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના પૂર્વે યોગ બાબતે લોકોમાં જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન જિલ્લા વહીવટી તંત્રના સંકલનમાં રહીને યોગ બોર્ડ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, ધાર્મિક, ઐતિહાસિક, પર્યટન સ્થળોએ યોગ જાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

## Velavadar Antelope Park

જૂનાગઢનું ગીર અભ્યારણ્ય અને વેળાવદરનું કાળિયાર ઉદ્યાન 16મી જૂનથી ચાર મહિના માટે મુલાકાતીઓ માટે બંધ રહેશે.

જૂનાગઢ જિલ્લાના ગીર અભયારણ્યમાં આવતીકાલે સિંહ દર્શનનો છેલ્લો દિવસ છે. નાયબ વંન સંરક્ષક  આરાધના શાહુના જણાવ્યા અનુસાર વન વિભાગ દ્વારા દર વર્ષે 16 જૂનથી 15 ઓક્ટોબર સુધી ગીરમાં વેકેશન જાહેર કરવામાં આવે છે ચોમાસાની ઋતુ એ સિંહ માટે પ્રજનન કાળ હોવાને કારણે આ દિવસોમાં સિંહ - સિંહણને કોઈ વિક્ષેપ ન પડે તે માટે ખાસ વન વિભાગ દ્વારા કાળજી લેવામાં આવે છે. જો કે દેવળીયા પાર્ક પ્રવાસીઓ માટે ખુલ્લું રાખવામાં આવશે તેમ પણ વન વિભાગ એ જાહેર કર્યું છે.

એવી જ રીતે ભાવનગર નજીકના  વેળાવદર કાળિયાર ઉદ્યાન ચોમાસા દરમિયાન 16 જૂનથી ચાર મહિના માટે મુલાકાતીઓ માટે બંધ રહેશે

આગામી વર્ષાઋતુ દરમ્યાન મોટાભાગના વન્યપ્રાણીઓનો સંવનનકાળ હોવાથી કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન, મૂલાકાતીઓ માટે  16 જૂન થી 15 સપ્ટેમ્બર સુધી બંધ રાખવામાં આવશે.તેમ  કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાનના  મદદનીશ વન સંરક્ષકે જણાવ્યુ છે.

## SGVP Hospital

અમદાવાદમાં છારોડી નજીક એસ.જી.હાઇવે પર આવેલી એસજીવીપી હોસ્પીટલમાં રાજયનો પ્રથમ ન્યૂરો મોડ્યુલેશન વિભાગ શરૂ કરવામાં આવશે. રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના કમિશ્નર હર્ષદ પટેલ આવતીકાલે આ નવનિર્મિત વિભાગનું ઉદઘાટન કરશે.

આ વિભાગમાં પાર્કિન્સન, ટ્રીમર જેવા શારીરીક કંપનને લગતા રોગો માટે અદ્યતન સારવાર આપવામાં આવશે. આ ઉપરાંત રેડીયો ફ્રિકવેન્સી, અને ડીપ બ્રેન સ્ટીમ્યુલેશન જેવી સારવાર પણ આ વિભાગમાં મળી શકશે. 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને ઓછી આવક ધરાવતા પરિવારોને વિના મૂલ્યે સારવાર અપાશે.

## WEATHER

હવામાન વિભાગે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આગામી ૩ દિવસ દરમ્યાન, હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના દર્શાવી છે. આ અંગે વધુ વિગત આપે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામશ્રેય યાદવ.

### (બાઇટ- હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામશ્રેય યાદવ)

દરમ્યાન, ગઈકાલે સાંજે રાજકોટ અને ડાંગ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો હતો. રાજકોટ જિલ્લાના લોધિકાના અમર ઈટારા, હરીપર સહિતના ગામડાઓમાં વરસાદ વરસ્યો હતો. જ્યારે ડાંગ જિલ્લામાં પણ વરસાદ વરસ્યો છે. સાપુતારમાં ભારે પવન સાથે વરસાદી ઝાપટુ પડ્યું હતું. તો, છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના 15 તાલુકામાં સામાન્ય એક ઈંચથી પણ ઓછો વરસાદ નોંધાયો છે.

દરમ્યાન, રાજયમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન 40 કે તેથી વધુ નોંધાયું છે. સૌથી વધુ 42 ડીગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન વલ્લભવિદ્યાનગરમાં નોંધાયું, જે સામાન્ય કરતાં 4 ડીગ્રી વધુ હતું. આ ઉપરાંત રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદ અને ગાંધીનગરમાં 41 ડીગ્રી, કંડલા

એરપોર્ટ, અમરેલી, અને ડીસામાં 40 ડીગ્રી અને ભાવનગર અને વડોદરામાં 39 ડીગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. આ સમયગાળામાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઘણી જગ્યાએ લઘુત્તમ તાપમાન સામાન્યથી 1 થી 3 ડીગ્રી વધુ નોંધાયું હતું.

## MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.**

**આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.**

**વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..**

## Fatafat News..

- અમદાવાદની ગુફા આર્ટ ગેલેરી ખાતે તસવીરકાર અભિષેક પાંડે દ્વારા ‘અતિત’ નામે તસવીર પ્રદર્શન યોજવામાં આવ્યું.
- કેન્દ્રીય રોજગાર અને રમત ગમત મંત્રી મનસુખ માંડવીયાએ આજે સોમનાથની મુલાકાત લીધી
- કચ્છનાં બન્ની વિસ્તારમાં ગોરેવાલી ગામ નજીક ગોડાઉનમાં ભીષણ આગમાં વન વિભાગ હસ્તકના એક લાખ કિલોગ્રામથી વધુનો ઘાસચારો નાશ પામ્યો
- તાપી જિલ્લામાં કુકરમુંડાના હથોડા ગામ નજીક દારૂની ભઠ્ઠી પર નિઝર પોલિસનાં દરોડાઃ 1500 લીટર દેશી દારૂ બનાવવાનો જથ્થો સળગાવીને નષ્ટ કરાયો..
- પંચમહાલમાં એસ.એસ.સી./એચ.એસ.સી. પૂરક પરીક્ષા સંદર્ભે જિલ્લા સ્થાયી પરીક્ષા સમિતિની બેઠક મળી
- પશ્ચિમ રેલવે ના જબલપુર મંડળ ખાતે માલખેડી અને મહાદેવખેડી સ્ટેશનો વચ્ચે નોન-ઇન્ટરલોકિંગ કાર્યના કારણે અમદાવાદ મંડળ ની કેટલીક ટ્રેનો પર અસર પડશે.

- બકરી ઇદનાં તહેવારેને ધ્યાનમાં રાખીને સોમનાથ મરીન પોલીસ સ્ટેશનના સંવેદનશીલ વિસ્તારમાં ફ્લેગમાર્ચ કરવામાં આવી

## Minister of Forest and Environment Mukesh Patel

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલના હસ્તે ચોર્યાસી તાલુકાના હજીરાગામમાં ૨ કરોડ ૪૧ લાખ રૂપિયાના ખર્ચે ત્રણ ડિસેલીનેશન આર.ઓ પ્લાન્ટ અને સુવાલીમાં ૮૦ લાખ ૩૬ હજાર રૂપિયાના એક ડિસેલીનેશન આર.ઓ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કર્યું.

ચોર્યાસી તાલુકાના સુવાલી અને હજીરામાં મંજુર થયેલા ૫૦૦૦ લીટર ક્ષમતાનાં આર.ઓ પ્લાન્ટ થકી ગામજનોને પીવાનું મીઠું પાણી ઉપલબ્ધ બનશે.

## Pre monsoon Kankaria

ચોમાસા પૂર્વેની તૈયારીઓના ભાગરૂપે અમદાવાદના કાંકરિયા તળાવ ખાતે આજે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય આપત્તિ સંચાલન સત્તામંડળ, જિલ્લા કલેકટર કચેરી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ મોકડ્રિલ દરમિયાન વિવિધ વિભાગો દ્વારા બચાવ અને રાહત કામગીરીઓનું નિદર્શન યોજાયું હતું અને જરૂરી સૂચનો પણ કરવામાં આવ્યા હતા.

આ મોકડ્રીલનો હેતુ કટોકટીના સંજોગોમાં વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક મદદ પૂરી પાડવાનો અને સંબંધિત વિભાગો સતર્ક રહી જાનહાનિ અટકાવી અસરગ્રસ્ત વ્યક્તિઓના જીવનની રક્ષા કરે તે હતો..

## DANI LIMDA AAG

અમદાવાદ શહેરના દાણીલીમડા વિસ્તારમાં આજે સવારે કાપડના ગોડાઉનમાં આગ લાગવાનો બનાવ બનવા પામ્યો હતો. ગોડાઉનમાં મુખ્યત્વે પેક્ડ કપડાંનો સંગ્રહ હોવાથી આગે વિકરાળ સ્વરૂપ લીધું હતું, આ ઉપરાંત આગ લાગેલ ગોડાઉનની નજીક રહેણાંક વિસ્તાર અને 10 થી વધુ અન્ય ગોડાઉનની બાજુમાં હોવાના કારણે, આગ પડોશમાં આવેલા મકાનોમાં ફેલાઈ ગઈ હોવાનું પણ જાણવા મળ્યું છે.

અમારા અમદાવાદનાં પ્રતિનિધિ કરણ પરમાર જણાવે છે કે, આગ બુઝાવવા માટે 18 ફાયર ટેન્કર વાહનો અને 70 ફાયર ફાઇટર્સ તૈનાત કરવામાં આવ્યા,. આ વિસ્તારની આસપાસના સાંકડા રસ્તાઓ અને પાંદડાવાળા શેડને કારણે આગ પર કાબૂ મેળવવામાં પડકારો ઊભા થયા છે. અગ્નિશામક દળે, આગને કાબૂમાં લેવાના પ્રયાસોમાં ફાયર રોબોટનો પણ ઉપયોગ કર્યો છે. જો કે, પ્રાથમિક અહેવાલ મુજબ આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

## Amreli baby

અમરેલીના સુરગપરા ગામની સીમમાં આવેલા એક બોરમાં દોઢ વર્ષની બાળકી રમતાં રમતાં બોરમાં પડી જતાં અમરેલી ફાયર અને 108ની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી છે. ગાંધીનગરથી પણ NDRFની એક ટીમ સુરગપરા ગામે જવા રવાના થઇ છે. તો બોરમાં ઉતારેલા કેમરામાં બાળકીના માથા પર માટી પડી હોવાનું દેખાઇ રહ્યું છે. અમારા અમરેલીના પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે, ફાયર વિભાગે રોબોટની મદદથી બાળકીને બચાવવાના પ્રયાસો શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ હેતુથી રાજુલાથી રોબોટ મંગાવવામાં આવ્યો છે.